**Media Release**

# રવાન્ડા અને કેન્યાના 43 ઇન્ટરનેશનલ પ્રોફેશનલ્સે ઈડીઆઈઆઈ ખાતે તેમની કુશળતા અને ક્ષમતાઓનું નિર્માણ કર્યું

**અમદાવાદ, 26 માર્ચ, 2024** – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે કેન્યા અને રવાન્ડાના 43 પ્રોફેશનલ્સને તેના કેમ્પસમાં શુક્રવારે યોજાયેલા એક સમાપનવિધિમાં સર્ટિફિકેટ્સ એનાયત કર્યા હતા. ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન (આઈટીઈસી) ડિવિઝન દ્વારા સ્પોન્સર કરાયેલા બે પ્રોગ્રામ્સમાં *Gender Responsive Governance in Entrepreneurship (2-Week Programme) and Bringing Digital Efficiency in Cooperatives, (3-Week Programme)* સમાવિષ્ટ હતા અને તે ઈડીઆઈઆઈ ખાતે શુક્રવારે સંપન્ન થયા હતા.

આ સમાપનવિધિમાં **નવી દિલ્હીમાં કેન્યા હાઇ કમિશનના હાઇ કમિશ્નર ઓજીડબ્લ્યુ માનનીય પીટર મેઇના મુન્યિરિ** ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા અને ઈડીઆઈઆઈ તથા સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્યા સરકારના 20 અધિકારીઓ માટે જ ખાસ રખાયેલા પ્રથમ કાર્યક્રમમાં આંત્રપ્રિન્યોરશિપમાં જેન્ડર રિસ્પોન્સિવ ગવર્નન્સ પર ધ્યાન આપવામાં આવ્યું હતું. 11થી 22 માર્ચ, 2024 સુધી યોજાયેલા આ કાર્યક્રમમાં આ ઇન્ટેન્સિવ બે-સપ્તાહના કાર્યક્રમનો ઉદ્દેશ ભાગ લેનારાઓને જેન્ડર-ઇન્ક્લુઝિવ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી અને પ્રેક્ટિસીસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી ટૂલ્સ તથા ઇનસાઇટ્સથી સશક્ત બનાવવાનો હતો.

4 માર્ચના રોજ શરૂ થયેલો અને 22 માર્ચ, 2024ના રોજ પૂરો થયેલો બીજો કાર્યક્રમ કોઓપરેટિવ્સમાં ડિજિટલ ક્ષમતા લાવવા પર કેન્દ્રિત હતો. રવાન્ડાના 23 સહભાગીઓના સમૂહ સાથે આ ત્રણ સપ્તાહના કાર્યક્રમનો ઉદ્દેશ ડિજિટલ હસ્તક્ષેપ દ્વારા કો-ઓપરેટિવ કામગીરીમાં ક્રાંતિ લાવવાનો હતો. સહભાગીઓને કામગીરીઓ સરળ બનાવવા, નિર્ણયો લેવાની પ્રક્રિયા વધારવા તથા ટકાઉ વિકાસ તેમજ સહકારી સંસ્થાઓના વિકાસ માટે ડિજિટલ પ્લેટફોર્મ્સનો લાભ લેવા માટે એડવાન્સ્ડ ટૂલ્સ અને ટેક્નિક્સથી સજ્જ કરવામાં આવ્યા હતા.

સહભાગીઓને સંબોધતા માનનીય એમ્બેસડર પીટર મેઇના મુન્યિરિએ જણાવ્યું હતું કે "ઈડીઆઈઆઈ ખાતે આ સમૃદ્ધ સફર સફળતાથી પૂરી કરવા પર ઇસ્ટ આફ્રિકા રિજનના સહભાગીઓને હું શુભેચ્છા પાઠવું છું. આ પ્રોગ્રામ્સમાંથી મેળવવામાં આવેલી પરિવર્તનકારી અસરનો લાભ લઈને આવો આપણા સંબંધિત ક્ષેત્રોમાં પરિવર્તન લાવીએ. હવે તમે તમારા સમુદાયોમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે જરૂરી કૌશલ્યો અને સમજથી સજ્જ છો ત્યારે હું તમને વિનંતી કરું છું કે તમારા જીવનમાં કદી પણ નિષ્ઠા, દ્રષ્ટિકોણ તેમજ ઇશ્વરીતત્વને ન છોડશો."

પોતાના વક્તવ્યમાં ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે "આ બંને પ્રોગ્રામ્સ ખૂબ જ મહત્વના વિષયો પર તૈયાર કરાયા હતા જે આજના એવા સમયમાં ખૂબ જ મહત્વના છે જ્યારે મહિલાઓ સમાજના કેન્દ્રસ્થાને છે અને તેમની ક્ષમતાઓને અર્થતંત્રના વિશ્વસનીય

ચાલકબળમાં ફેરવી શકાય છે અને એવા સમયે જ્યારે ડિજિટલ ટેક્નોલોજીના ડાયનામિક્સ વિકાસના આવશ્યક એન્જિન બની શકે છે. આ પ્રોગ્રામ્સે આ વિષયો કવર કર્યા હતા અને સહભાગીઓ તેને યોગ્ય રીતે સમજ્યા હતા.”

સહભાગીઓએ મહત્વપૂર્ણ સમજ કેળવી હતી અને થિયરીના નોલેજ સાથે સંબંધિત એક્સપોઝર વિઝિટ્સ થકી પ્રેક્ટિકલ બાબતો વિશે પણ સમજ મેળવી હતી.

**About Entrepreneurship Development Institute of India**

Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad, an autonomous and not-for-profit institute, set up in 1983, is an acknowledged National Resource Institute for Entrepreneurship Education, Research, Training & Institution Building. It is sponsored by apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and the State Bank of India (SBI), and has been supported by the Government of Gujarat. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India.

EDII moved on to adopt the role of a National Resource Institute in Entrepreneurship training, education, research, MSME development, innovations and institutional building. The Institute works with the Central Government and various State Governments in a collaborative frame. It is closely associated noted corporates in envisioning and implementing several impact making programmes and projects. The Institute conducts a variety of programmes and projects, across sectors and sections of people through its 7 regional offices and PAN India branch offices. Visit www.ediinddia.org

**For more details, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987